# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ００૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૦/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા યોજાયેલા 'કોરોના કી એક શામ, સંગીત કે નામ' કાર્યક્રમમાં જાણીતા પ્લેબેક સિંગર ભાવિન શાસ્ત્રીએ ગીતોના સૂર પાથરી કોવિડની સ્થિતિને મનોરંજનમય બનાવી દીધી

## વિવિધ કોવિડ આઇસોલેશનમાં સારવાર હેઠળ દર્દીઓ પણ કાર્યક્રમમાં જોડાયા અને પોતાની બિમારીને બાજુએ મૂકી સંગીતના તાલે ઝૂમી ઉઠયાં

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૮ મે ૨૦૨૧ના રોજ વેબિનારના માધ્યમથી 'કોરોના કી એક શામ, સંગીત કે નામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માંઝીઃ ધી માઉન્ટેન મેન ફેઇમ પ્લેબેક સિંગર ભાવિન શાસ્ત્રીએ સૂફી તેમજ જુદા–જુદા ગીતોથી પોતાના સૂર પાથરીને લોકોને કોરોનાના કારણે ફેલાયેલા ગંભીર વાતાવરણમાંથી બહાર કાઢીને થોડા સમય માટે સંગીતની મનોરંજનમય દુનિયામાં પહોંચાડી દીધા હતા. આ કાર્યક્રમમાં સમસ્ત પાટીદાર સમાજની વાડી તથા અન્ય સ્થળે કાર્યરત આઇસોલેશન સેન્ટરમાં સારવાર હેઠળ દર્દીઓ પણ જોડાયા હતા.

પ્લેબેક સિંગર ભાવિન શાસ્ત્રીના પુત્ર રિધમે રાગભૈરવ અને રાગ બસનમુખારી 'જાગો મોહન પ્યારે'થી ગીતોની શરૂઆત કરી હતી. ભાવિન શાસ્ત્રીએ સુફી ગીતો તથા લોકોની પસંદગી મુજબના વિવિધ ગીતો ગાઇને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાંથી બહાર આવીને જીવનમાં ફરીથી બેઠા

થવા માટે પ્રોત્સાહિત કરતા મોટીવેશનલ ગીતો પણ તેમણે રજૂ કર્યા હતા. જેમાં 'ઢલતા સૂરજ ધીરે ધીરે ઢલતા હૈ ઢલ જાયેગા વિગેરે ગીતોનો સમાવેશ થાય છે. ઉદ્યોગપતિઓના મનની વાત પારખીને 'મારુ મન મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ કરે' ગીત રજૂ કર્યુ હતુ. મુસ્લિમ બિરાદરોનો પવિત્ર મહિનો રમઝાન માસ ચાલતો હોવાથી તેમણે 'ખ્વાજા મેરે ખ્વાજા, દિલ મે સમાજા' ગીત રજૂ કર્યુ હતુ. આ ઉપરાંત તેમણે નૈના ઠગ લેંગે, મૈ પ્યાર તેરી પહેલી નજર કો સલામ અને તેરે વાસ્તે મેરા ઇશ્ક સુફીયાના' ગીત પોતાના અંદાજમાં ખૂબ જ સરસ રીતે લોકો સમક્ષ રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતે ભાવિન શાસ્ત્રીએ સોન્ગ ઓફ પોઝીટીવી કહી શકાય એવું અંતિમ ગીત 'જીવન કહી ભી ઠહેરતા નહી હૈ, આંધી સે તુફાન સે ડરતા નહી હૈ, તુ ન ચલેગા તો ચલ દેગી રાહે, મંઝીલ કો તરસેગી તેરી રાહે, તુઝકો ચલના હોગા, તુઝકો ચલના હોગા' રજૂ કરી બધાને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સીએ પ્રદીપ સિંઘીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. જ્યારે ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.